ક્રમાંક : ગુજકા/વેટ/૬/૨૦૦૮-૦૯/ ૬૨/૫૬

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી
ગુજરાત રાજ્ય,
સી/૨, વાણિજ્યિક વેરા ભવન,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ ૭ /૧૧/૨૦૦૮

# જાહેર પરિપત્ર

વિષય: કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ રીટર્ન અંગેના નિયમોમાં ફેરફાર બાબત.

કેન્દ્રીય વેચાણવેરા નિયમોમાં થયેલ જોગવાઇ મુજબ આ કાયદા હેઠળ નોંધાયેલ વેપારીઓએ સમયાંતરે રીટર્ન વાણિજ્યિક વેરા વિભાગમાં રજૂ કરવાની જોગવાઇઓમાં સરકારે તાજેતરમાં ફેરફારો કર્યા છે જે ધ્યાને લેતાં હવે રીટર્ન રજુ કરતી વખતે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહે.

(૧) રીટર્ન સાથે હવે પછી એપેન્ડીક્ષ-૧ અને એપેન્ડીક્ષ-૨ દાખલ કરવામાં આવેલ છે, જેથી રીટર્નની સાથે એપેન્ડીક્ષ-૧ અને એપેન્ડીક્ષ-૨ માં દર્શાવ્યા મુજબની માહિતી વેપારીએ રજુ કરવાની રહેશે. એપેન્ડીક્ષ-૧ માં ફોર્મ-સી, એફ અને એચ સામે કરેલ વેચાણો / બ્રાન્ચ ટ્રાન્સફર કે કન્સાઇનમેન્ટની વિગત આપવાની થાય છે. જ્યારે એપેન્ડીક્ષ-૨ માં વેપારીએ ફોર્મ સી, એફ અને એચ સામે કરેલ આંતરરાજ્ય ખરીદીઓ, નિકાસક્રમમાં કરેલ ખરીદીઓ / રાજ્ય બહારથી બ્રાન્ચ ટ્રાન્સફર કે કન્સાઇનમેન્ટથી મેળવેલ માલની વિગત આપવાની રહેશે. આ વિગત વેપારીઓએ જે તે રીટર્નના સમયગાળામાં કરેલ વ્યવહારો અંગે નકકી કરેલ ફોરમેટમાં યોગ્ય રીતે આપવાની થાય છે. અત્રે એ નોંધનીય છે કે, રીટર્ન પ્રમાણે જ તમામ ફોર્મ્સ આપવાની જોગવાઇ કરવામાં આવેલ હોઇ, એપેન્ડીક્ષની વિગતો ચોકસાઇપૂર્વક ભરવામાં આવે તે જરૂરી છે.

(૨) મૂલ્યવર્ધિત વેરા કાયદાની જોગવાઇ મુજબ અમુક પ્રકારના વેપારીઓએ રીટર્ન કચેરીમાં આપવાની સાથે સાથે On line પણ રજુ કરવાનું થાય છે. જે વેપારીઓને વેટ રીટર્ન On line રજુ કરવાનું થાય છે તેવા બધાં પ્રકારના વેપારીઓએ સી.એસ.ટી. રીટર્ન પણ On line રજુ કરવાના રહેશે. આમ On line રજુ કરેલ રીટર્નની બાર કોડેડ કોપી મેળવી ઘટકમાં રજુ કરતી વખતે એપેન્ડીક્ષ રજુ કરવાની જોગવાઇમાંથી તેમને પણ છુટછાટ આપવામાં આવશે.

આ પરિપત્રની જોગવાઇઓ તાત્કાલિક અસરથી અમલમાં આવે છે જેની સર્વેએ નોંધ લેવી.

સહી/-
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજ્ય, અમદાવાદ

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. અધિક સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી,ગુ.રા., અમદાવાદ
૬. સઘળા સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા.,અમદાવાદ
૭. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૮. સઘળા સહાયક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૯. સઘળા વાણિજ્યિક વેરા અધિકારીશ્રી, ગુ..રા.,અમદાવાદ
૧૦. આ કચેરીની સઘળી શાખાઓ તરફ
૧૧. ૧૦ નકલ મહાપાત્ર તાલીમ શાખાને
૧૨. ૧૦ નકલ દફતર શાખાને
૧૩. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૪. એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૫. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૬. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ
(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

( એન.એ.આચાર્ય )
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ